E-mail

# કમિશનર શાળાઓની કચેરી

બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૦૧૧

ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/ 21120-43 તા.૦૫/૦૭/૨૦૨૨

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

**વિષય:** રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યોને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાની અવેજીમાં ખાસ રોકડ પેકેજનો લાભ આપવા બાબત.

**સંદર્ભ:** શિક્ષણ વિભાગના પત્રક્રમાંક : બમશ/૧૧૨૦૨૧/૧૧૩/ગ તા.૨૨/૦૬/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના પત્રક્રમાંક : બમશ/૧૧૨૦૨૧/૧૧૩/ગ તા.૨૪/૦૩/૨૦૨૧ના પત્રથી રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રાપ્ત રજા મળવાપાત્ર હોવાથી,રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજૂર કરવા બાબતની તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તેવા બિનશૈક્ષણિક કર્મચારીઓને નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ ની ઠરાવની શરતો અને જોગવાઇઓ મુજબ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ આપવામાં આવેલ હતો.બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યોએ પ્રાપ્ત રજા મળવાપાત્ર હોવાથી આ રોકડ પેકેજ યોજનાનો લાભ આપવા રજૂઆત કરેલ હતી. પ્રસ્તુત બાબતે નાણા વિભાગ દ્વારા રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યોને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ૩૦(૭)(ખ)(૧)ની જોગવાઇ મુજબ પ્રાપ્ત રજા મળવાપાત્ર હોઇ, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યો દ્વારા તા.૩૧/૦૩/૨૦૨૧ પહેલા ઠરાવની જોગવાઇ મુજબ કોઇ વસ્તુ ખરીદ કરવામાં/સેવા મેળવવામાં આવેલ હોય તેવા આચાર્યોના કિસ્સામાં, રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજૂર કરવા બાબતની તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તો, ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ મંજૂર કરવા વિચારણા કરી શકાય તેમ જણાવેલ છે.આ બાબત ધ્યાને લેતાં, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યો દ્વારા તા.૩૧/૦૩/૨૦૨૧ પહેલા નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવની જોગવાઇ મુજબ કોઇ વસ્તુ ખરીદ કરવામાં/સેવા મેળવવામાં આવેલ હોય તેવા આચાર્યોના કિસ્સામાં,રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજૂર ક્રવા બાબતની તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તેવા આચાર્યોને નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવથી જાહેર કરેલ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ આપવા બાબતની કાર્યવાહી કરવા અંગે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી સૂચના આપવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યોને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાની અવેજીમાં ખાસ રોકડ પેકેજનો લાભ આપવા અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.ગાંધીનગર